For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

*'ક્યાં સુધી નુકસાન વેઠીશું, હવે તો બોલવું જ પડશે'* ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં આક્રોશિત વોર્ડ નં.૭ના રહીશોએ પાલિકા સામે બળવો પોકાર્યો

# કારેલીબાગ આનંદનગરમાં પાણી ભરાતા ડે.મેયરનો ઘેરાવો

**આનંદનગર** વિનાયક રેસિડેન્સી સહિત વોર્ડ નં.૭માં ઘરોમાં પાણી ઘૂસતા ઘરવખરીને નુકસાન

**દર વર્ષે** આશ્વાસન, કાયમી ઉકેલ ક્યારે?'– રોષે ભરાયેલા રહીશોની તંત્રને ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં મોડીરાત્રે પડેલા ધોધમાર વરસાદે ફરી એકવાર મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી નાખી છે. ભારે વરસાદ બાદ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં રસ્તાઓ જળમગ્ન બન્યા હતા, જ્યારે અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં લોકોની રાત જાગીને પસાર કરવાની ફરજ પડી હતી. ખાસ કરીને કારેલીબાગના આનંદનગર વિસ્તારમાં આવેલી વિનાયક રેસિડેન્સી તેમજ વોર્ડ નંબર-7ના અન્ય વિસ્તારોમાં એકથી બે ફૂટ સુધી પાણી ભરાતા ઘરવખરીને નુકસાન પહોંચ્યું હતું.


વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અનેક સ્થળોએ વાહનો બંધ પડી જવાની અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બીજી તરફ, ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે મોડીરાત્રે ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચતા જ સ્થાનિકોએ તેમનો ઘેરાવ કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. રહીશોએ જણાવ્યું હતું કે દર વર્ષે ચોમાસામાં આવી જ સ્થિતિ સર્જાય છે, છતાં મહાનગરપાલિકા દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવે છે. ડ્રેનેજ અને ગટરની યોગ્ય સફાઈ ન થવાને કારણે વરસાદી પાણીનો નિકાલ થતો નથી અને થોડો વરસાદ પડતાં જ ઘરોમાં પાણી ઘૂસી જાય છે.

રોષે ભરાયેલા લોકોએ જણાવ્યું હતું કે તેઓ નિયમિતપણે મિલકતવેરો અને અન્ય કર ચૂકવે છે, છતાં મૂળભૂત સુવિધાઓથી વંચિત રહેવું પડે છે. પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ કરવામાં આવી હોવાનું આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું કે તંત્રની બેદરકારી અને ભ્રષ્ટ કામગીરીનો ભોગ સામાન્ય નાગરિકોને બનવું પડે છે. દર વર્ષે ઘરવખરીને નુકસાન થાય છે, પરંતુ તેનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

સ્થાનિકોએ ડેપ્યુટી મેયર સમક્ષ વરસાદી પાણીના નિકાલ માટે તાત્કાલિક તેમજ કાયમી વ્યવસ્થા કરવાની માંગ કરી હતી. સાથે જ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી હતી કે જો ટૂંક સમયમાં અસરકારક કાર્યવાહી નહીં થાય તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. કેટલાક રહીશોએ તો લેખિતમાં ખાતરી ન મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની પણ જાહેરાત કરી હતી.

ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે સ્થાનિકોને શાંત પાડવાનો પ્રયાસ કરતાં જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી તાત્કાલિક પાણીનો નિકાલ કરવામાં આવશે અને જ્યાં વારંવાર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે ત્યાં કાયમી ઉકેલ માટે તંત્ર યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરશે. જોકે, સ્થાનિકો હવે માત્ર આશ્વાસન નહીં પરંતુ વાસ્તવિક કામગીરીની રાહ જોઈ રહ્યા છે.



### ડે. મેયર આદિત્ય પટેલે દિવસ-રાત નિરીક્ષણ શરૂ કર્યું : ઝડપી કાર્યવાહીનું આશ્વાસન



વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં વરસાદ બાદ વારંવાર પાણી ભરાવાની સમસ્યાને લઈને સ્થાનિકોમાં રોષ હતો. આ મામલે હવે તંત્રએ કામગીરી તેજ કરી છે. ડે. મેયર આદિત્ય પટેલે એકલ-દોકલ વિરોધ નહીં પરંતુ કાયમી ઉકેલના હેતુથી વિસ્તારનું દિવસ-રાત નિરીક્ષણ શરૂ કર્યું છે. તેમણે સ્થાનિકો સાથે ચર્ચા કરીને સમસ્યાના મૂળ સુધી જઈને નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. તંત્ર દ્વારા હાલ રાહતના કામો વેગવંત બનાવવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે સ્થાનિકો એક દિવસ તંત્રના પ્રયાસોની વાહવાહી કરે તેવી દિશામાં કામગીરી આગળ વધી રહી છે.

**દર વર્ષની જેમ આ વર્ષે ચોમાસામાં પાણી ભરાવવાની સમસ્યા યથાવત...**

# ભાયલી વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળ્યા તંત્રની નબળી ડ્રેનેજ કામગીરી સામે રહીશોનો રોષ

**ઘરોમાં** ૨ થી ૩ ફૂટ પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત; ફાયર બ્રિગેડ દ્વારા પંપિંગ કરી પાણી નિકાલની કવાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરમાં મોડી રાતથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદના કારણે પશ્ચિમ વિસ્તારમાં આવેલા ભાયલી અને આસપાસની સોસાયટીઓમાં જળબંબાકારની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ટૂંકા સમયમાં પડેલા ભારે વરસાદના કારણે ડ્રેનેજ અને કાંસની કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. ભાયલી વિસ્તારમાં આવેલા સંખ્યાબંધ મકાનો અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળતા રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાણીનો નિકાલ ન થવાને કારણે જોતજોતામાં જ સોસાયટીઓના મુખ્ય રસ્તાઓ પરથી પાણી ઘરોની અંદર પ્રવેશી ગયા હતા. ઘરોમાં બે થી ત્રણ ફૂટ જેટલાં પાણી ભરાઈ જવાના કારણે ફ્રિજ, ટીવી, સોફા જેવી મોંઘી ઘરવખરી ઉપરાંત ઘરમાં રાખેલું અનાજ, કરિયાણું અને અન્ય મહત્વનો સામાન સંપૂર્ણપણે પલળીને નષ્ટ થઈ ગયો છે. અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં લોકોને સામાન ખસેડવાનો સમય પણ મળ્યો ન હતો, જેના કારણે અનેક પરિવારજનોને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ વિસ્તારમાં નવા ડેવલપમેન્ટ અને સોસાયટીઓના નિર્માણ છતાં યોગ્ય વરસાદી કાંસ કે ડ્રેનેજ નેટવર્કનો અભાવ હોવાથી દર વર્ષે ચોમાસા દર મિયાન આ પ્રકારની વિકટ પરિસ્થિતિ ઊભી થાય છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક તંત્રને અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવા છતાં યોગ્ય નિકાલની કામગીરી કરવામાં આવી નથી. સતત પાણી ભરાયેલા રહેવાના કારણે બાળકો, વૃદ્ધો અને મહિલાઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા પંપિંગ મશીનો મારફતે પાણીનો નિકાલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જોકે, ઉપરવાસથી સતત પાણીની આવક અને વરસાદી વિરામના અભાવે પાણી ઓસરવાની ગતિ ધીમી જોવા મળી રહી છે. સ્થાનિક રહીશોએ વહીવટી તંત્ર પાસે તાત્કાલિક ધોરણે કાયમી ઉકેલ લાવવા અને નુકસાનીનું સર્વે કરી યોગ્ય રાહત સહાય પૂરી પાડવાની જોરદાર માંગ કરી છે.



**અમદાવાદ-મુંબઈ-વડોદરા રૂટની મુખ્ય ટ્રેનો પ્રભાવિત, 3 ટ્રેન શોર્ટ ટર્મિનેટ**

# ધોધમાર વરસાદથી રેલવે વ્યવહાર ખોરવાયો: વંદે ભારત સહિત ૧૯ ટ્રેનો રદ

**ટ્રેક** પર પાણી ભરાતા પશ્ચિમ રેલવેનો નિર્ણય, વડોદરા-ભરૂચ MEMU સહિત અનેક ટ્રેનો રદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા 24 કલાકથી પડી રહેલા ધોધમાર વરસાદને કારણે રેલ વ્યવહાર પર ગંભીર અસર પડી છે. પશ્ચિમ રેલવે દ્વારા બપોરે 12 વાગ્યે જારી કરાયેલા અપડેટ મુજબ ટ્રેક પર પાણી ભરાવા અને સલામતીને ધ્યાને રાખીને તાત્કાલિક ધોરણે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવે દ્વારા જણાવ્યા મુજબ 24 જુલાઈ માટે કુલ 19 ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. જેમાં દેશની સૌથી ઝડપી ટ્રેન ગણાતી 20902 ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અને 12010 અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત 12931 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ડબલ ડેકર અને 12933 બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ પણ રદ રહેશે. વડોદરાના મુસાફરો માટે મહત્વની 22929 દહાણુ રોડ - વડોદરા પેસેન્જર, 69110 વડોદરા - ભરૂચ મેમુ અને 69198 ભરૂચ - વડોદરા મેમુ ટ્રેન પણ 24 જુલાઈના રોજ રદ કરાઈ છે. લોકલ ટ્રેનો રદ થતા રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. અન્ય રદ કરાયેલી લાંબા અંતરની ટ્રેનોમાં 12471 બાંદ્રા ટર્મિનસ - શ્રી વૈષ્ણોદેવી કટરા સ્વરાજ એક્સપ્રેસ, 12925 બાંદ્રા ટર્મિનસ - અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસ, 19217 બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, 20925 સુરત - અમરાવતી સુપરફાસ્ટ, 19034 અમદાવાદ - વલસાડ ગુજરાત ક્વીન, 14708 દાદર - હનુમાનગઢ રણકપુર એક્સપ્રેસ, 22989 બાંદ્રા ટર્મિનસ - મહુવા સુપરફાસ્ટ, 19426 નંદુરબાર - બોરીવલી એક્સપ્રેસ, 19417 બોરીવલી - વટવા એક્સપ્રેસ અને 22954 અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ ગુજરાત એક્સપ્રેસ નો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલવેએ આગામી દિવસોની ટ્રેનો પણ રદ કરી છે. 20926 અમરાવતી - સુરત સુપરફાસ્ટ 25 જુલાઈ અને 12926 અમૃતસર - બાંદ્રા ટર્મિનસ પશ્ચિમ એક્સપ્રેસ 26 જુલાઈ માટે રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. વરસાદની સ્થિતિ વચ્ચે 3 ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ પણ કરવામાં આવી છે. 02199 વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ અને 09006 ભીવાની - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન 23 જુલાઈના રોજ રતલામ ખાતે શોર્ટ ટર્મિનેટ કરાતા રતલામથી બાંદ્રા વચ્ચેનો સેક્શન રદ રહેશે.

# સમા-સાવલી રોડના પુલ પર કચરો અને વેલા થતાં રહીશોમાં આક્રોષ

**પાલિકા** તંત્ર તાત્કાલિક કામગીરી કરે તેવી માંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા મેઘમહેરના કારણે નદી-નાળાઓમાં નવા પાણીની આવક શરૂ થઈ છે, જેના પગલે વિશ્વામિત્રી નદીની જળસપાટીમાં પણ નજીવો વધારો નોંધાયો છે. વરસાદી માહોલ વચ્ચે નદીના પાણીના સુચારુ બહાવને લઈને પાલિકા તંત્રની કામગીરી સામે સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.

વિશેષ કરીને વડોદરા શહેરના સમા-સાવલી રોડ પર આવેલા સિદ્ધાર્થ બંગલોઝ નજીકના વિશ્વામિત્રી નદીના પુલ પર હાલ ચિંતાજનક દ્રશ્યો સામે આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભૂતકાળમાં આ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરીને પુલ અને નદીની આસપાસની જગ્યા સાફ કરવામાં આવી હતી. પરંતુ હાલમાં ચોમાસા દરમિયાન અહીં ફરી એકવાર મોટી સંખ્યામાં ઝાડી-ઝાંખરા અને વેલાઓ ઊગી નીકળ્યા છે, જેના કારણે નદીનો કુદરતી પ્રવાહ અવરોધાય તેવી ભીતિ સર્જાઈ છે.

સ્થાનિક નાગરિકોમાં ચોમાસાની આ પરિસ્થિતિને લઈને ભારે ચર્ચા અને આક્રોશ જોવા મળી રહ્યો છે. જો આગામી દિવસોમાં મુસળધાર વરસાદ પડે અથવા ઉપરવાસમાંથી મોટી માત્રામાં પાણી છોડવામાં આવે અને વિશ્વામિત્રીની સપાટીમાં અચાનક વધારો થાય, તો આ ઉગી નીકળેલા વેલા અને ઝાડી-ઝાંખરાના કારણે પાણી આગળ કેવી રીતે વહેશે તે મોટો પ્રશ્ન ઊભો થયો છે. જો તંત્ર દ્વારા સમયસર આ વેલા સાફ કરવામાં નહીં આવે, તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની મોટી સમસ્યા સર્જાઈ શકે છે તેવી ચિંતા રહીશો વ્યક્ત કરી રહ્યા છે.

**અચાનક પાણીનો પ્રવાહ વધતાં સ્થાનિકોમાં દોડધામ મચી**

# રેડ એલર્ટ વચ્ચે ગોરવા ગામનું તળાવ ફાટ્યું, મુખ્ય માર્ગ પર પાણી ફરી વળ્યા

**તળાવની** આસપાસ રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરામાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં ગોરવા ગામ નજીક આવેલા એક તળાવનું પાળું તૂટતાં મોટી માત્રામાં પાણી મુખ્ય માર્ગ પર ફરી વળ્યું છે. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે, જ્યારે તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

વડોદરા શહેરમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ વચ્ચે આજે ગોરવા ગામ નજીક આવેલા તળાવનું પાળું તૂટી જતાં પાણી જોરદાર પ્રવાહ સાથે બહાર નીકળ્યું હતું.

તળાવનું પાણી મુખ્ય માર્ગ પર ફરી વળતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો અને થોડા સમય માટે રસ્તા પરથી પસાર થનારા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તળાવની આસપાસ રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. અચાનક પાણીનો પ્રવાહ વધતાં સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી અને લોકો સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા.

ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્ર અને સંબંધિત વિભાગોની ટીમો સ્થળ પર પહોંચી પરિસ્થિતિ પર નજર રાખી રહી છે તેમજ જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

હવામાન વિભાગ દ્વારા વડોદરા માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવાથી તંત્રે નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા, પાણી ભરાયેલા રસ્તાઓ તેમજ તળાવ અને નદીની આસપાસ ન જવા અપીલ કરી છે. જો વરસાદ યથાવત રહેશે તો પરિસ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**ઉધારમાં માલ ખરીદી સસ્તા ભાવે બજારમાં વેચી દીધો**

# હરણી ખાતે રહેતા ખાદ્યતેલના વેપારીની અન્ય ૧૬ વેપારીઓ સાથે રૂ.૨.૪૪ કરોડની ઠગાઈ

**ચુકવણી** પેટે આપેલા ચેક બેંકમાં બાઉન્સ થતાં કૌભાંડનો ભાંડો ફૂટયો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

હાથીખાના એપીએમસી માર્કેટમાં ખાદ્ય તેલના વેપારીઓ પાસેથી ઉધારમાં મોટા પ્રમાણમાં માલ ખરીદ્યા બાદ તેની ચુકવણી ન કરી હરણીના એક વેપારી દ્વારા રૂ.2.44 કરોડથી વધુની ઠગાઈ આચરવામા આવી છે. વારંવાર માંગણી કરવા છતાં વેપારી રૂપિયા ચૂકવતો ન હતો અને ઠગે ચુકવણી પેટે આપેલા ચેક પણ બેંકમાં જમા કરાવતા બાઉન્સ થયો હતો ત્યારે તેના તેના કૌભાંડનો ભાંડો ફૂટ્યો છે. વેપારી અથવા વિરુદ્ધ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના હાથીખાના એ.પી.એમ.સી. માર્કેટમાં વિનોદભાઈ અશોકકુમાર માખીજાની હરીઓમ ટ્રેડર્સ નામે ખાદ્ય તેલનો વ્યવસાય ચલાવે છે, તેમની ફરિયાદ મુજબ હરણીના રહેવાસી વિનોદભાઈ તુલસીદાસ દાવાણીએ છેલ્લા પાંચ વર્ષથી ઉધારમાં માલ ખરીદવાનો વ્યવહાર રાખ્યો હતો. એપ્રિલ-2026 સુધી નિયમિત ચુકવણી કર્યા બાદ તેણે એપ્રિલના અંતથી મે-2026 દરમિયાન લાખો રૂપિયાનો માલ ખરીદી તેની ચુકવણી કરી નહોતી. આરોપીએ રૂ.11.20 લાખની બાકી રકમ સામે આપેલા બેંક ઓફ ઈન્ડિયાના ચાર ચેક પણ બેંકમાં ડિપોઝિટ કરાવતા બાઉન્સ થયા હતા. ત્યારબાદ વારંવાર ઉઘરાણી છતાં લોન પાસ થયા બાદ તમામ રકમ ચૂકવવાની ખાતરી આપી હતી પણ કોઈ રૂપિયા તેણે ચૂકવ્યા ન હતા. તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપી ઉધારમાં ખરીદેલો માલ ખરીદ કિંમત કરતાં ઓછા ભાવે રોકડમાં બજારમાં વેચી દેતો હતો.

### ઠગાયેલા વેપારી

| | | |
|---|---|---|
| 1 | વિનોદભાઈ અશોકકુમાર માખીજાની (હરીઓમ ટ્રેડર્સ) | 11,20,952 |
| 2 | પ્રવીણ દુર્ગાશંકર મહેશ્વરી | 22,32,140 |
| 3 | ઈકબાલ જમાલ ડભોઈવાલા | 1,01,000 |
| 4 | સન્ની વસંત સચદેવ | 3,36,466 |
| 5 | વિજય ત્રિભુવન આલવાણી | 38,71,027 |
| 6 | હરેશચંદ્ર સંગતમલ નાથાણી | 9,50,344 |
| 7 | દિનેશ નરેશકુમાર નવલાણી | 28,40,107 |
| 8 | નિખીલ હરેશભાઈ લાલવાણી | 7,99,355 |
| 9 | સ્નેહલ ભાસ્કરલાલ શાહ | 10,81,552 |
| 10 | સુનય અરવિંદભાઈ ઠક્કર | 14,18,848 |
| 11 | સમીર ગિરીશભાઈ ઠક્કર | 22,44,422 |
| 12 | જયેશ નીલાભાઈ હજારીયાની | 4,65,438 |
| 13 | નરેન્દ્રસિંહ ફૂગસિંહ જાદવ | 3,89,535 |
| 14 | કૈલાશ પથુરામ કાલડા | 1,43,719 |
| 15 | હર્ષ વિજયકુમાર કાલડા | 44,07,088 |
| 16 | શંકર પણરામ કાલડા | 15,41,362 |
| **કુલ બાકી રકમ** | | **રૂ. 2,44,47,845** |

# ખાડા પૂરવાની કામગીરીમાં વેઠ ઉતારાતા પ્રતાપનગરમાં રહીશોનો ભારે આક્રોશ

**મુખ્ય** માર્ગના ખાડા પૂરવાને બદલે સોસાયટીના ગેટ પાસે જ કોલ્ડ મિક્સ પાથરી દેતાં વરસાદી પાણી સોસાયટીમાં ઘૂસ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સતત વરસાદના કારણે વડોદરા શહેરના રસ્તાઓ પર પડેલા ખાડાઓથી લોકો પરેશાન છે. અકસ્માતોની ફરિયાદો વચ્ચે મહાનગરપાલિકા દ્વારા કોલ્ડ મિક્સથી પેચવર્ક શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ તેની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. પ્રતાપનગરના મેઘદૂત એપાર્ટમેન્ટ પાસે ખાડા પૂરવાને બદલે કોલ્ડ મિક્સ અસ્તવ્યસ્ત રીતે પાથરી દેતા સોસાયટીના પ્રવેશદ્વાર પાસે પાણીનો નિકાલ અટકી ગયો હતો. પરિણામે થોડા વરસાદમાં જ પાણી સોસાયટીના કમ્પાઉન્ડમાં ઘૂસી જતાં રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

તંત્રની બેદરકારીથી નારાજ રહિશોએ આખરે જાતે જ પાવડા લઈને રસ્તા પર ઉતરી કોલ્ડ મિક્સ ખસેડી રસ્તો સમતળ કર્યો, જેથી વરસાદી પાણીનો નિકાલ થઈ શકે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો કે કોર્પોરેશન માત્ર ઔપચારિકતા માટે કામગીરી કરી રહ્યું છે અને ગુણવત્તાયુક્ત સમારકામ કરવામાં આવતું નથી. ખાડા પૂરવાના નામે કરવામાં આવતી આવી કામગીરીથી અકસ્માતોનું જોખમ ઘટવાને બદલે વધી રહ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. રહીશોએ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની તેમજ શહેરના રસ્તાઓનું ટકાઉ અને ગુણવત્તાસભર સમારકામ તાત્કાલિક હાથ ધરવાની માંગ કરી છે.



# ભારે વરસાદથી જળસ્તરમાં ઉછાળો: આજવા સરોવર ૨૦૮.૩૮ અને વિશ્વામિત્રી ૧૩.૪૨ ફૂટે

**છેલ્લા ૨૪** કલાકમાં વિશ્વામિત્રીમાં સાડા સાત ફૂટથી વધુનો વધારો

**વડોદરામાં** દિવસ દરમિયાન ધીમી ધારે એક ઈંચ જેટલો વરસાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેર અને જિલ્લામાં સતત વરસેલા ભારે વરસાદને પગલે આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીની જળસપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. શુક્રવારે સવારે 11:50 વાગ્યે લેવાયેલા સત્તાવાર આંકડા મુજબ આજવા સરોવરની સપાટી 208.38 ફૂટે પહોંચી છે, જ્યારે કાલાઘોડા બ્રિજ ખાતે વિશ્વામિત્રી નદીનું જળસ્તર 13.42 ફૂટ નોંધાયું છે. નદીના જળસ્તરમાં થયેલા વધારાને પગલે કાંઠા વિસ્તારોમાં તંત્રે સતર્કતા વધારી છે. વડોદરામાં દિવસ દરમિયાન દરમિયાન 22 મી.મી. એટલે કે એક ઈંચ વરસાદ નોંધાયો છે.

ગુરુવારે સવારે આજવા સરોવરનું જળસ્તર 208.38 ફૂટ હતું, જેમાં 24 કલાકમાં 0.46 ફૂટનો વધારો થયો છે. બીજી તરફ વિશ્વામિત્રી નદી એક જ દિવસમાં 5 ફૂટથી વધીને 13.42 ફૂટે પહોંચી છે, એટલે કે 7.56 ફૂટનો જંગી વધારો નોંધાયો છે. ભારે વરસાદ અને ઉપરવાસમાંથી પાણીની આવકને કારણે નદીના કાંઠે વસતા લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

જોકે, ગુરુવારે ધોધમાર વરસાદ બાદ શુક્રવારે સવારથી વરસાદનું જોર ઘટતાં વહીવટી તંત્ર અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે. પાછલા ચોવીસ કલાક દરમિયાન વડોદરા 22 મિમી, વાઘોડિયામાં 13 મિમી, સાવલીમાં 15 મિમી, ડભોઈ-7 અને પાદરામાં 15 મિમી, સિનોરમાં 5 મિમી, ડેસરમાં 16 મિમી અને કરજણમાં 5 મિમી વરસાદ નોંધાયો હતો. ચોમાસાની વર્તમાન સિઝનમાં સમગ્ર જિલ્લામાં અત્યાર સુધી કુલ 295.88 મિમી વરસાદ નોંધાયો છે. હાલ વરસાદનું જોર ઘટતાં અને ઉપરવાસમાંથી પાણીની આવક સ્થિર બનતાં તંત્ર દ્વારા આજવા સરોવર, વિશ્વામિત્રી નદી અને અન્ય જળાશયોની સપાટી પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

**MS યુનિવર્સિટી અને જિલ્લાના તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર**

# ભારે વરસાદની આગાહી વચ્ચે વડોદરામાં શાળા-કોલેજો બંધ

**રેડ એલર્ટને** પગલે ૨૫ જુલાઈએ તમામ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ, વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા

**MS યુનિવર્સિટીની** પરીક્ષાઓ અને તમામ વહીવટી-શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ સ્થગિત, નવી તારીખો બાદમાં જાહેર થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

હવામાન વિભાગ દ્વારા ગુજરાત સહિત વડોદરા જિલ્લામાં 25 જુલાઈ સુધી ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવતા શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) દ્વારા 25 જુલાઈના રોજ શાળાઓ અને યુનિવર્સિટીના તમામ કેમ્પસમાં રજા જાહેર કરવામાં આવી છે.

કલેક્ટરના જાહેરનામાના અનુસંધાને જિલ્લાના તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ તેમજ તમામ બોર્ડની શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પરિપત્ર જાહેર કરીને તાલુકા શિક્ષણાધિકારીઓ તથા શાળાના આચાર્યોને જરૂરી સૂચનાઓ આપી છે. ભારે વરસાદને કારણે વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે અને અનિચ્છનીય ઘટના ટાળી શકાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ પણ 25 જુલાઈના રોજ યુનિવર્સિટીના તમામ કેમ્પસ, વિભાગો, ઓફિસો અને બિલ્ડિંગોમાં શૈક્ષણિક, વહીવટી, પરીક્ષા તથા અન્ય તમામ પ્રવૃત્તિઓ સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે. આ દિવસે યોજાનારી તમામ પરીક્ષાઓ પણ રદ કરવામાં આવી છે. રદ થયેલી પરીક્ષાઓ અને અન્ય પ્રવૃત્તિઓની નવી તારીખો સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા બાદમાં જાહેર કરવામાં આવશે.

યુનિવર્સિટીના તમામ ડીન, પ્રિન્સિપાલ, વિભાગના વડા, ડાયરેક્ટર, ચીફ વોર્ડન અને લાઈબ્રેરિયનને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. તંત્રે વિદ્યાર્થીઓ, વાલીઓ અને કર્મચારીઓને હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખી સલામત રહેવા તેમજ આગામી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.